# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)]

# ASANA- CYCLONE

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં 'અસના' નામનું ચક્રવાત બનવા જઈ રહ્યું છે, જે 1976 પછી આ પ્રકારનું પ્રથમ ચક્રવાત હશે. આ ચક્રવાત ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ઉદભવશે. હવાનું તીવ્ર દબાણ ગુજરાતમાં પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધ્યું છે અને હવે તે ચક્રવાતમાં પરિવર્તિત થવાની ધારણા છે.

કચ્છના દરિયાકાંઠેથી આગળ વધ્યા બાદ તે ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં પાકિસ્તાન તરફ ફંટાવાની શક્યતા છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ શુક્રવારે વરસાદે વિરામ લીધો છે, પણ વાવાઝોડાનું જોખમ છે. ચક્રવાત 'અસના કચ્છ તરફ આગળ વધતી વખતે જિલ્લાના માંડવી, અબડાસા અને લખપત તાલુકાઓમાં તબાહી મચાવી શકે તેવી શકયતાના કારણે જિલ્લા કલેકટરે આ ત્રણેય તાલુકાઓમાં માટીના મકાનો અને ઝૂંપડાઓમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા અને નજીકના પાકો મકાનો અથવા ધાર્મિક સ્થળોએ આશ્રય લેવા અપીલ કરી છે.

કચ્છમાં સંભવિત વાવાઝોડાને ધ્યાનમાં રાખીને મુંદ્રા, કંડલા અને જખૌ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવ્યા છે. આ તાલુકામાં ભારે વરસાદ અને પવનને કારણે મોબાઈલ નેટવર્ક ખરાબ રીતે પ્રભાવિત થયું છે.

# CHOMASU- ALL OVER

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 980 મીલીમીટર કરતાં વધુ વરસાદ પડ્યો છે. આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાકમાં રાજ્યના 33 જીલ્લાઓના 222 તાલુકાઓમાં વરસાદ નોધાયો છે.. કચ્છના માંડવીમાં 388 અને મુંદ્રામાં 217 મીલીમીટર, દેવભૂમિ દ્વારકના મુખ્યમથક ખાતે 186 મીલીમીટર વરસાદ વરસ્યો છે.

જો કે, આજે સવારના છથી દસ વાગ્યા સુધીમાં પાંચ તાલુકાઓમાં સૌથ વધુ કચ્છના મુદ્રામાં 26 મીલીમીટર, અંજારમાં 15, જામનગરના જોડીયામાં અને કચ્છના ભૂજમાં સામાન્ય વરસાદ વરસ્યો છે.

રાજ્યના સૌથી મોટા સરદાર સરોવરમાં  86 ટકા જેટલો જળ સંગ્રહ થયો છે..જ્યારે 206 જેટલા અન્ય જળાશયોમાં પાણીનો 76 ટકા કરતાં વધુ જળસંગ્રહ થયો છે. જેમાં 129 ડેમ હાઇએલર્ટ પર મૂકાયા છે.

અત્યાર સુધીમાં પૂરપ્રકોપમાં ફસાયેલા 50 હજાર કરતાં અનેક લોકોનું સ્થળાંતર  કરવામાં આવ્યું છે.. જેમાં વડોદરામાં 13 હજાર 896 લોકોને સલમત સ્થળે લઇ જવાયા છે.

આ દરમિયાન 4 હજાર 225 લોકોનું એન઼ડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ અને સૈન્યાના જવાનો દ્વારા રેસ્ક્યુ કરાયું છે.. વરસાદને કારણે કેટલાંક રાજ્ય ધોરીમાર્ગ , ગ્રામ્ય વિસ્તારના રસ્તા પણ ધોવાઇ ગયા હતા.જેમાં 63 રાજ્ય ધોરીમાર્ગ  82 અન્ય રસ્તા , પંચાયતના 707, નવ નેશનલ હાઇવે બંધ છે.. અત્યાર સુધીમં 858 જેટલા માર્ગો બંધ થયા છે..જેને કારણે અવરજવર પર અસર થઇ છે.

રસ્તોઓ બંધ થતા બસ વ્યવહાર પણ ખોરવાયો છે..રાજ્ય વાહનવ્યવહાર નિગમ દ્વારા 813 રૂટની 2 હજાર 863 ટ્રીપ બંધ થઇ છે..વરસાદ બાદ રાજ્યના ખેડૂતો 95 ટકા વાવેતર કરી લીધુ છું. હવામાન વિભાગે બીજી સપ્ટેમ્બર સુધી માછીમારે દરિયો ન ખેડવાની સલાહ આપી છે..

# RAIN- KAMGIRI

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ભારે વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં આરોગ્ય ચકાસણી તથા રોગચાળો ન ફેલાય તે અંગેની કામગીરી કરવામાં આવી રહી છે.

મહેસાણા જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ધોધમાર વરસાદ વરસ્યો હતો.. જો કે, વરસાદે વિરામ લેતા હવે રોગચાળાનો ભય ફેલાયો છે. જિલ્લામાં ડેન્ગ્યુના દર્દીઓ તેમજ તાવના દર્દીઓમાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. મહેસાણામાં  વરસાદી પાણી ભરાઈ ન રહે તે માટે તેના નિકાલની કામગીરી થઇ રહી છે. આવી જગ્યાએ રોગચાળો ન ફેલાય તે માટે તંત્રની ટુકડીઓ કામ કરી રહી છે.

તો વલસાડ જિલ્લામાં વરસાદના પાણીના નિકાલ અને કચરાના વ્યવસ્થાપન માટે તંત્ર દ્વારા કામગીરી શરૂ કરાઇ છે. જિલ્લામાં પુરથી પ્રભાવિત વિસ્તારોમાં રોગચાળો અટકાવવા આરોગ્ય વિષયક કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સફાઈ કામદારોની ટીમે જીલ્લામાં સફાઈ કામગીરી શરૂ કરી છે. આરોગ્ય તંત્ર દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં એક હજાર 475 લોકોની તપાસ કરવામાં આવી છે..

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ગણવાડા ગામે આરોગ્ય વિભાગ દ્વારા મેલેથીયોન ડસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

# RAIN- RAILWAY

રાજ્યમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી થયેલા વરસાદને કારણે રેલ વ્યવહારને અસર થઇ છે. સત્તાવાર યાદી મુજબ, આજે ઓખા- મુંબઇ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ઓખાને બદલે દ્વારકાથી ઉપડશે, જેથી ઓખા- દ્વારકા વચ્ચે આ ટ્રેન આંશિક રદ રહેશે. તેવી જ રીતે, ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેન ઓખાને બદલે દ્વારકાથી ઉપડશે.. તો આજની વેરાવળ- ઓખા એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી છે, ઓખા સ્ટેશનથી ઉપડતી ઓખા- વેરાવળ એક્સપ્રેસ ઓખા સ્ટેશનને બદલે આજે દ્વારકાથી ઉપડશે..

# POSHAN MAS

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે ગાંધીનગરથી સાતમાં "રાષ્ટ્રીય પોષણ માસ "ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે. મહાત્મા મંદિરમાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ કરાશે અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાશે. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

# TAPI- RASIKARAN

પોલિયો, અછબડા જેવી રસીનું મહા અભિયાન તાપી જિલ્લામાં ચાલી રહ્યું છે.. જે અંતર્ગત દસ અને 16 વર્ષના બાળકોને ઓરી, અછબડા, પોલિયો જેવા રોગોથી રક્ષિત કરવાને માટે રસીકરણ અભિયાન શરૂ થયું છે. તાપી જીલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા ઘરે, શાળાએ શાળાએ જઈને આ અભિયાનને વેગવંતુ બનાવાઈ રહ્યુ છે.